| | |
|---|---|
| રજુ તારીખ | ૦૬/૦૧/૨૦૦૫ |
| દાખલ તારીખ | ૦૬/૦૧/૨૦૦૫ |
| ફેંસલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ :૧૮ માસ:૦૧ દિન: ૨૨ |

**મે.મજૂર અદાલત, અમદાવાદના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**

**રેફરન્સ( એલ.સી.એ.) કેસ નં.૩૫/૨૦૦૫**

**આંક–.૨૭**

**પ્રથમ પક્ષકારોઃ** **(૧) મીર્ચ મસાલા (ધ ઢાબા રેસ્ટોરન્ટ)**
(**સામાવાળાઓ**) ઠે. નં.૧– ૭,૮,૯,૧૦, ચંદન કોમ્પલેક્ષ, સ્વસ્તીક ચાર રસ્તા, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ.
**(૨) મીર્ચ મસાલા ( ધ ઢાબા રેસ્ટોરન્ટ)**
મેઘધનુષ કોમ્પલેક્ષ, રેસક્રોસ, બરોડા, ૧૫ (ગુજરાત)

**– : : વિરૂધ્ધ – ::**

**બીજા પક્ષકાર** : **નારાયણ સિંહ પ્રતાપસિંહ ચૌહાણ**
(અરજદાર) ઠે.સુમેરસિંહ શેખાવતના મકાનમાં, જુની ફોજદારની ચાલી, એઈસીસ બસ સ્ટેશન સામે, મેમ્કો, સૈજપુર–બોઘા, અમદાવાદ.
૮/૦.એસ.બી.ચૌધરી, ૦૭, ફોજદાર્સ ઓલ્ડ સ્ટ્રીટ, મેમ્કો, સૈજપુર–બોઘા, અમદાવાદ–૩૮૨૩૪૫

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.કે.ચાવડા
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર.શ્રી એસ.બી.ચૌધરી

**–:: એ વો ર્ડ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારોને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : નં.ના.શ્ર.આ/આવિક/આઈડીઆર/એજે/૩૭૭/૦૪ થી પત્ર ક્રમાંક : ૬૯૨૬, તા.૧૮-૧૨-૨૦૦૪ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

**શ્રી નારાયણસિંહ પ્રતાપસિંહ ચૌહાણને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૩) સદર કામે પક્ષકારોને નોટીસ કરતાં સામાવાળાને નોટીસની નિયમસર બજવણી થઈ ગયેલ છે પરંતુ તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી. ત્યારબાદ અરજદારે આંક-૬ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત નીચે મુજબ છે.

૩.૧)અરજદાર સામાવાળી સંસ્થામાં હોટલ રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં રોકાયેલ યુનિટ હતી અને સંસ્થામાં આશરે ૨૦૦ થી વધુ નોકરીયાતો તેઓની નોકરીની ફરજો બજાવતા હતા. સામાવાળી સંસ્થાનું સંચાલન, વહીવટ-મેનેજમેન્ટ વિગેરે કામગીરી મુખ્યત્વે શ્રી રૂશાક જીનવાલા વિગેરે કરતા હતા. સામાવાળી સંસ્થાને વિવિધ શ્રમ કલ્યાણ કાયદાઓ જેવા કે, ધી આઈ.ડી.એકટ, સ્ટેન્ડીંગ ઓર્ડસ, ફેકટરી એકટ, મિનીમમ વેજીસ એકટ, શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ તથા અન્ય શ્રમ કલ્યાણ કાયદાઓની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડતી હતી. સામાવાળી સંસ્થામાં ૧૨ વર્ષથી વધુ સમય સુધી દર વર્ષે ૨૪૦ દિવસોથી વધુ દિવસો કામગીરી કરી કીચન ખાતામાં કાયમી શ્રમયોગી હેડ ચાટ કુક તરીકે માસીક પગાર રૂા.૫,૯૦૦/- લેખેના હીસાબે ગણી મેળવી તેઓની નોકરીની ફરજો ખુબ જ ખંત, નિષ્ઠા, વફાદારીપુર્વક બજાવેલ હતી. તેઓએ ત્યાં ફરજ દરમ્યાન કયારેય કોઈ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ ન હતી. સામાવાળા તરફથી તેઓને ઠપકો,

મેમો, ચેતવણી કે નોટીસ મળેલ નથી તે રીતે તેઓનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને નિષ્કલંક હતો અને છે. સામવાળા અને તેઓનો માલીક અને નોકરનો સંબંધ હતો અને છે. તેઓને મળવાપાત્ર પ્રસ્થાપિત હકકો–લાભો જેવા કે, હાજરીકાર્ડ, હકક રજા કાર્ડ, ઓળખકાર્ડ, પગારસ્લીપ, લઘુતમ વેતન મુજબ પગાર, ઓવર ટાઈમ કામનો પગાર, રીશેષ, બોનસ, અઠવાડીક રજાઓ, હકકરજાઓ, કેજયુઅલરજાઓ, માંદગીની રજાઓ, જાહેર તહેવારોની રજાઓ, તેઓને ત્યાં કરેલ નોકરી અંગેના દસ્તાવેજો સાહિત્ય આપવા વિગેરે લાભોની રૂબરૂ મળફી મૌખિક–લેખિત રીતે વારંવાર માંગણીઓ કરવા છતાં પણ કયારેય આપેલ ન હતી. તેઓની પાસેથી રેવેન્યુ ટીકીટ લગાડેલ રકમ ભર્યા વગરના કોરાપત્રકો, કોરાવાચરો, કોરીસ્લીપો વિગેરે દસ્તાવેજોમાં સહીઓ લઈ મળવાપાત્ર પગારથી ઓછી રકમ ચુકવી તેઓને શ્રમ કલ્યાણ કાયદાઓ મુજબ મળવાપાત્ર હકકો–લાભોથી વંચીત રાખેલ હતા.

**૩.૨)** વધુમાં અરજદાર જણાવે છે કે તેઓએ મળવાપાત્ર હક્કો લાભોની અવાર નવાર માંગણી કરતા સામાવાળાએ તેઓને અગાઉથી કોઈ લેખિત નોટીસ, નોટીસ પગાર, કે હકકો–અધિકારોની રકમ આપ્યા વગર કે તેઓની વિરૂધ્ધ કોઈ ઈન્કવાયરી–ખાતાકીય તપાસ કર્યા વગર તેઓને તા.૨૬/૦૫/૨૦૦૪ ના રોજથી માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ હતા. તેઓએ રજી.પો.એ.ડી. ધ્વારા તા.૦૫/૦૬/૨૦૦૪ ના રોજની ડીમાન્ડ નોટીસ યુનિયન મારફતે સામાવાળાને મોકલેલ અને તેઓને પડેલા દિવસોની પગાર સહ : નોકરીમાં પુન:સ્થાપિત કરવા જણાવેલ તે નોટીસ સામાવાળાને મળી ગયેલ તેમછતાં તેઓને પુન:સ્થાપિત કરેલ નથી કે નોટીસનો કોઈ પ્રત્યુસર પણ આપેલ ન હતી. તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ સમક્ષ પડેલા દિવસોની પુરા પગાર સહ: મુળ જગ્યાએ સળંગ સર્વિસથી આનુંસાંગિક લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા આઈ.ડી.આર ફરીયાદ નં.૩૭૭/૦૪ ફાઈલ કરેલ

તેની સુનાવણીની નોટીસ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદે સામાવાળાને મોકલાવેલ અને તે નોટીસ મળી ગયા બાદ પણ કન્સીલેશન કાર્યવાહીઓમાં સામાવાળી સંસ્થા તરફે સંસ્થા માલિક કે કોઈ અધિકૃત અધિકારી હાજર રહેલ ન હતા અને સમાધાન ન થતાં મદદનીશ શ્રમ આયુક્તશ્રીએ સદર રેફરન્સ કાયદાકીય કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રીફર કરેલો.

**૩.૩)** અરજદાર વધુમાં જણાવે છે કે તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ અવાર–નવાર તથા વારંવાર ઘણી વખત તેઓને ત્યાં તેઓએ નોકરીમાં રહેવા ગયેલા પણ તેઓએ છુટા કર્યા બાદ ફરીથી કયારેય તેઓને કામે રાખેલ ન હતા તથા સામાવાળા તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓએ બીજી ઘણી જગ્યાએ નોકરી માટે શોધ અને પુષ્કળ પ્રયત્નો કરેલ પણ ત્યારબાદ આજદીન સુધી તેઓને કયાંય કોઈ નોકરી મળેલ ન હતી. સામાવાળી સંસ્થા તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા તૈયાર થાય તો પડેલા દિવસોની પગારનો વિવાદ ઉપસ્થિત રાખીને તથા તેઓના નોકરીના હકકો, હિતો, લાભોને કોઈ નુકશાન કે હાની ન થાય અને તેઓના કેસની હકીકતોને કોઈ બાધ ન નડે તે રીતે હાજર કરવા તૈયાર થાય તો આજે પણ સામાવાળી સંસ્થામાં તેઓ તે સ્થિતિમાં પણ નોકરીમાં રહેવા જવા માટે તૈયાર અને ખુશી છીએ.

**૩.૪)** અરજદાર વધુમાં દાદ માંગે છે કે, અરજદારને સામાવાળા સંસ્થાઓનું તા.૨૬/૦૫/૨૦૦૪ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પગલું પ્રાથમિક દૃષ્ટિએ ગેરકાયદેસર, ગેરવ્યાજબી આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ)(જી) તથા (એચ) ની જોગવાઈઓનું ભંગ કરતું અને ન્યાયના કુદરતી સિઘ્ધાંતો વિરૂઘ્ધનું છે તેમ ઠરાવેલ છે તેમજ પડેલા દિવસોના પુરા પગાર અને આનુષંગિક લાભો સહિત સળંગ નોકરીથી મુળ જગ્યાએ સામાવાળી સંસ્થામાં પુન:સ્થાપિત કરવા અરજ ગુજારેલ છે તથા ખર્ચના રૂા.૧૧,૦૦૦/–

સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૪) સદર કામે અગાઉ સામાવાળાએ હાજર રહી જવાબ રજુ ન કરતાં આંક-૭ થી જવાબનો હક્ક બંધ કરેલ અને અરજદારે આંક-૯ થી જુબાનીની એફીડેવીટ રજુ કરેલ. ત્યારબાદ સામાવાળા હાજર ન રહેતા તેમનો ઉલટ તપાસ તથા પુરાવાનો હક્ક બંધ કરી નામદાર કોર્ટે તા.૨૦-૦૪-૨૦૧૧ નાં રોજ આંક-૧૪ થી એકતરફી હુકમ કરી અરજદારનો રેફરન્સ મંજુર કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સામાવાળાએ આ એવોર્ડ સેટએસાઈડ કરવા આઈ.ડી.પરચુરણ અરજી નં.૧૬૮/૨૦૧૧ થી અરજ કરેલ. જેમાં નામદાર કોર્ટે તા.૩૧-૦૩-૨૦૨૨ નાં રોજ અરજી મંજુર કરી હાલનાં અરજદાર કામદારને હુકમ તારીખથી દિન-૩૦ માં ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/- ચુકવ્યેથી તેમજ સંસ્થાએ હુકમ તારીખથી દિન-૩૦ માં રૂા.૧,૦૦,૦૦૦/- કોર્ટમાં ડિપોઝીટ કર્યેથી રેફરન્સ(એલ.સી.એ.) નં.૩૫/૨૦૦૫ નાં કામમાં આંક-૧૪ થી પસાર કરવામાં આવેલ એકતરફી એવોર્ડ રદ કરવાનો હુકમ કરી સદરહુ રેફરન્સ કેસ જે તબક્કેથી એકતરફી ચાલેલ તે તબક્કેથી ગુણદોષ ઉપર ચલાવવા માટે રીસ્ટોર કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સંસ્થાએ તા.૨૮-૦૪-૨૦૨૨ નાં રોજ રૂા.૧,૦૦,૦૦૦/- જમા કરાવતા નામ.કોર્ટે તે રકમ ફીક્સ ડીપોઝીટમાં મુકેલ છે. ત્યારબાદ સદર રેફરન્સનાં કામે તા.૨૭-૦૫-૨૦૨૨ નાં રોજ સામાવાળાનાં વિ. વકીલશ્રીએ આંક-૧૫ થી અરજી કરી જણાવેલ કે, અરજદારને ખર્ચ પેટેનાં રૂા.૧૦,૦૦૦/- ચેક નં.૦૫૫૮ થી તા.૨૦-૦૪-૨૦૨૨ નાં રોજનો તેમનાં પ્રતિનિધિને ચુકવી આપેલ છે તે અંગેની પ્રતિનિધિશ્રીની સહીવાળી પહોંચ તથા ચેકની ઝેરોક્ષ નકલ રજુ કરેલ હોવાનું જણાવેલ હોય નામદાર કોર્ટે તે હકીકત ધ્યાને લઈ સામાવાળા સંસ્થાએ આઈ.ડી. પરચુરણ અરજી નં.૧૬૮/૨૦૧૧ નાં કામે થયેલ હુકમ મુજબ પાલન કરેલ હોઈ મુળ રેફરન્સ (એલ.સી.એ.) નં.૩૫/૨૦૦૫ રીસ્ટોર કરી ફરીથી બોર્ડ પર લેવાનો તા.૨૭-૦૫-૨૦૨૨ નાં રોજ હુકમ કરેલ ત્યારબાદ સદર કામનાં પક્ષકારોને આગળની મુદ્દત તા.૨૮-૦૬-૨૦૨૨ નાં રોજ હાજર રહેવા નોટીસ કરવાનો હુકમ કરેલ.

(૫) સદર કામનાં સામાવાળાઓને નોટીસ બજતાં સામાવાળા સંસ્થાનું નામ આહુરા રેસ્ટોરન્ટ પ્રા. લી. થી બદલાયેલ હોય તે નામે વિ. વકીલશ્રી હાજર થયેલા અને તેમનાં તરફેથી આંક–૧૭ થી લેખિત જવાબ રજુ થયેલ છે. જેમાં માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સંસ્થા હોટલ રેસ્ટોરન્ટના વ્યવસાયમાં રોકાયેલ સંસ્થા હતી. સામાવાળી સંસ્થા અમદાવાદ તથા વડોદરામાં તેમની બ્રાન્ચ ધરાવતા હતા તેમજ તેમની સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને કાયદેસરના હકકો અને લાભો આપવામાં આવેલ હતા. અરજદાર સામાવાળી સંસ્થામાં તા.૦૧/૧૦/૧૯૯૫ ના રોજથી નોકરીમાં દાખલ થયેલ હતા અને તા.૦૧/૦૯/૧૯૯૮ ના રોજથી  તેઓ બરોડા ખાતેની બ્રાન્ચમાં ફરજો બજાવતા હતા અને તેમને મળવાપાત્ર પગાર અને હકકો તથા લાભો આપવામાં આવેલ હતા. અરજદારે સામાવાળી સંસ્થામાં તા.૦૫/૦૭/૨૦૦૩ ના રોજ રાજીનામુ આપેલ હતુ અને તેઓ રાજીખુશીથી નોકરીમાંથી છુટા થયેલ હતા. તેઓએ રાજીનામું આપ્યા પછી સામાવાળી સંસ્થામાં નોકરીની ફરજો બજાવેલ ન હોવાથી તેઓને તા.૨૬/૦૫/૨૦૦૪ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે તે વખતે તેઓ નોકરીમાં હતા જ નહી. તેઓએ દાખલ કરેલ મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૦૪ માં તેની ઉલટતપાસમાં પણ સ્વીકારેલ હતી.

૫.૧ ) સામાવાળા વધુમાં જણાવે છે કે, અરજદારે સંસ્થામાં રાજીનામુ આપી નોકરીમાંથી રાજીખુશીથી છુટા થયા બાદ, સંસ્થા પાસેથી પૈસા પડાવવાના બદઈરાદાથી ખોટી છુટા કર્યા તારીખ લખી આ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે જે રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદાર છેલ્લે વડોદરા ખાતે ફરજો બજાવતા હતા. આથી તેઓ કોઈ પણ પ્રકારનો ઓદ્યોગિક વિવાદ વડોદરા ખાતે જ ઉપસ્થિત કરી શકે છે, આથી નામ.અદાલતને આ રેફરન્સનો ન્યાયનિર્ણય કરવાનું જયુરીસ્ડીકશન હોવાથી તે કારણસર પણ રેફરન્સ રદ થવાને પાત્ર છે. ઉપરોકત સંજોગોમાં અરજદારનો

રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોવાથી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૬) આ કામમાં અરજદાર તરફેથી નીચે મુજબનો પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**– :: મૌખિક પુરાવો :: –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| **૧.** | અરજદારનું નારાયણસિંહ પ્રતાપસિંહ ચૌહાણ જુબાનીનું સોગંદનામું | ૯ |

**– :: દસ્તાવેજી પુરાવો :: –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકારને અમોએ મોકલેલ માંગણાનું નિવેદન રજી.એ.ડી. નં.૬૪૭૩ ની નાણાંની રસીદ | ૮/૧ |
| ૨ | પ્રથમ પક્ષકારને અમોએ મોકલેલ રજી.પો.એડી. મળ્યા બાબતની પાવતી. | ૮/૨ |
| ૩ | પ્રથમ પક્ષકારને તા.૦૫/૦૬/૨૦૦૪ ના રોજ નોકરીમાં પુન:સ્થાપિત કરાવવા અમો એયુનીયન મારફતે રજી.પોસ્ટ.એ.ડી. દ્વારા મોકલાવેલ ડીમાન્ડ નોટીસની નકલ. | ૧૦/૧ |
| ૪ | ડીમાન્ડ નોટીસ મોકલેલ રજી.એ.ડી.નં.૩૪૯૮ ની નાણાંની રસીદ. | ૧૦/૨ |
| ૫ | ડીમાન્ડ નોટીસની રજી.એ.ડી પ્રથમ પક્ષકારોને મળી ગયા બાબતની એકનોલેજમેન્ટની રસીદ. | ૧૦/૩ |
| ૬ | ડીમાન્ડ નોટીસ મોકલેલ રજી.એ.ડી.નં.૩૪૯૯ ની નાણાંની રસીદ. | ૧૦/૪ |
| ૭ | ડીમાન્ડ નોટીસની રજી.એ.ડી પ્રથમ પક્ષકારોને મળી ગયા બાબતની એકનોલેજમેન્ટની રસીદ. | ૧૦/૫ |
| ૮ | પ્રથમ પક્ષકારોની વિરૂધ્ધ અમોએ તા.૦૭/૦૬/૨૦૦૪ ના રોજ પોલીસ ગૃહ અને શ્રમ વિભાગના સક્ષમ સત્તાધિકારીઓને આપેલ લેખિત ફરીયાદ. | ૧૦/૬ |

| | | |
|---|---|---|
| ૯ | મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાએ ફરીયાદ અનુસંધાને તપાસ કરી આપેલ જવાબ. | ૧૦/૭ |

**૬.૧)** આ કામમાં સામાવાળા તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી પરંતુ નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**– :: દસ્તાવેજી પુરાવો :: –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| ૧ | પરચુરણ અરજી નં.૧૬૮/૨૦૧૧ માં કરવામાં આવેલ હુકમની નકલ. તા.૩૧/૦૩/૨૦૨૨ | ૧૮/૧ |
| ૨ | પ્રથમ પક્ષકારે મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ માં રજુ કરેલ દસ્તાવેજી લીસ્ટની પ્રમાણીત નકલ. તા.૧૦/૧૨/૨૦૧૫ | ૧૮/૨ |
| ૩ | પ્રથમ પક્ષકારે મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ માં રજુ બીજા પક્ષકારના રાજીનામાની નકલ. તા.૦૫/૦૭/૨૦૦૩ | ૧૮/૩ |
| ૪ | મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ માં બીજા પક્ષકારની ઉલટતપાસ. તા.૦૬/૦૧/૨૦૨૨ | ૧૮/૪ |
| ૫ | બીજા પક્ષકારે મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ પાછી ખેચેલ તે હુકમની નકલ. તા.૧૨/૦૩/૨૦૨૨ | ૧૮/૫ |
| ૬ | બીજા પક્ષકારે રીકવરી અરજી નં.૧૫૩૪/૨૦૦૪ પાછી ખેચેલ તે હુકમની નકલ. તા.૧૨/૦૩/૨૦૨૨ | ૧૮/૬ |
| ૭ | પ્રથમ પક્ષકાર દ્વારા પ.અં.નં.૧૬૮/૨૦૧૧ માં તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર ખર્ચના રૂા.૧૦,૦૦૦/– ચુકવેલા અંગેનું બેંકનું કલીયરન્સ સ્ટેટમેન્ટની નકલ. | ૨૫/૧ |

આ કામમા સામાવાળા તરફેથી આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

**(૭)** સદર કામે રેફરન્સ રીસ્ટોર થયા બાદ સામાવાળાએ લેખિત જવાબ રજુ કર્યા બાદ અરજદારને પુરાવો રજુ કરવા માટે અનેક મુદ્દતો આપવા છતાં અને અરજદારનાં

પ્રતિનિધિશ્રીએ નામદાર કોર્ટમાં હાજર રહી મુદ્દત અરજીઓ આપી મુદ્દત મેળવેલ છતાં અરજદારને નામદાર કોર્ટમાં હાજર રાખી પુરાવો રજુ કરેલ ના હોઈ અરજદારનો પુરાવો રજુ કરવાનો હક્ક બંધ કરેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે આંક–૨૬ ની ક્લોઝીંગ પુરસીસ રજુ કરતાં જે રેકોર્ડેડ કરવામાં આવેલ. ત્યારબાદ દલીલોનાં સ્ટેજે પણ અરજદાર હાજર નહીં રહેતા તેઓનો દલીલનો હક્ક બંધ કરેલ છે. સામાવાળા તરફેનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમનાં લેખિત જવાબ મુજબ રજુઆત કરી અરજદારે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી માંગણા નિવેદનની હકીકત સાબિત કરેલ ન હોઈ અરજદારનો રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

(૮) હાલનાં કામે પક્ષકારોનાં પક્ષ નિવેદન તથા રજુ થયેલ મૌખિક–દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામા.સંસ્થાએ અરજદારને તા.૨૬–૦૫–૨૦૦૪ નાં રોજ મૌખિક હુકમથી આઈ.ડી.એક્ટની જોગવાઈઓ વિરુદ્ધ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદારને નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી તેઓ સામા.સંસ્થામાં પડેલા દિવસોનાં પગાર સાથે મૂળ જગ્યાએ સળંગ સર્વિસથી તમામ આનુસાંગિક લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર છે ?

(3) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં.

(3) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

(૧૦) **મુદ્દા નંબર-(૧) અને (૨) :-**

આ કામે અરજદાર તરફે રજુ માંગણા નિવેદન તથા સામાવાળાનાં લેખિત જવાબની હકીકતો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા પક્ષકારોની તકરારોનાં ન્યાય નિર્ણય માટે ઔદ્યોગિક વિવાદધારાની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે જે જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ-૨ (૦૦)** 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ; અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

**કલમ-૨૫-B (25 - B) સળંગ નોકરીની વ્યાખ્યા.**

આ પ્રકરણના હેતુઓ માટે -

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય ;

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, -

(ક) (a) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ

પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

**(૧૧)** અરજદારે હાલનો રેફરન્સ અરજદારને તા.૨૬–૦૫–૨૦૦૪ ના રોજ મૌખીક હુકમથી છુટા કરવાનું સામાવાળી સંસ્થાનું પગલું ધી આઈ.ડી.એકટ–૧૯૪૭ થી જોગવાઈઓ વિરૂધ્ધ તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરનાર ગેરકાયદેસર, અને ગેરવ્યાજબી હોઈ તે રદબાતલ ઠરાવવા તેમજ છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પુરા પગાર અને આનુષંગિક લાભો સહિત સળંગ નોકરીથી મુળ જગ્યાએ સામાવાળી સંસ્થામાં પુન:સ્થાપિત કરવા તેમજ વિવાદના ખર્ચની રકમ રૂા. ૧૧ ,૦૦૦/– અપાવવા કરેલ છે.

**(૧૨)** આ કામમાં અરજદારે તેમનાં માંગણા નિવેદનમાં એવું કથન કરેલ છે કે, અરજદાર સામાવાળી સંસ્થામાં હોટલ રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં રોકાયેલ યુનિટ હતી અને સંસ્થામાં આશરે ૨૦૦ થી વધુ નોકરીયાતો તેઓની નોકરીની ફરજો બજાવતા હતા. અરજદાર સામાવાળી સંસ્થામાં ૧૨ વર્ષથી વધુ સમય સુધી દર વર્ષે ૨૪૦ દિવસોથી

વધુ દિવસો કામગીરી કરી કીચન ખાતામાં કાયમી શ્રમયોગી હેડ ચાટ કુક તરીકે માસીક પગાર રૂા.૫,૯૦૦/– લેખે તેઓની નોકરીની ફરજો ખુબ જ ખંત, નિષ્ઠા, વફાદારીપુર્વક બજાવેલ હતી. અરજદારે ફરજ દરમ્યાન કયારેય કોઈ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ ન હતી. સામાવાળા તરફથી તેઓને ઠપકો, મેમો, ચેતવણી કે નોટીસ મળેલ નથી તે રીતે તેઓનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને નિષ્કલંક હતો અને છે. સામાવાળા અને તેઓનો માલીક અને નોકરનો સંબંધ હતો અને છે. તેઓને મળવાપાત્ર પ્રસ્થાપિત હકકો–લાભો જેવા કે, હાજરીકાર્ડ, હકક રજા કાર્ડ, ઓળખકાર્ડ, પગારસ્લીપ, લઘુતમ વેતન મુજબ પગાર, ઓવર ટાઈમ કામનો પગાર, રીશેષ, બોનસ, અઠવાડીક રજાઓ, હકકરજાઓ, કેજયુઅલરજાઓ, માંદગીની રજાઓ, જાહેર તહેવારોની રજાઓ, તેઓને ત્યાં કરેલ નોકરી અંગેના દસ્તાવેજો સાહિત્ય આપવા વિગેરે લાભોની રૂબરૂ મળી મૌખિક–લેખિત રીતે વારંવાર માંગણીઓ કરવા છતાં પણ કયારેય આપેલ ન હતી. તેઓની પાસેથી રેવેન્યુટીકીટ લગાડેલ રકમ ભર્યા વગરના કોરાપત્રકો, કોરાવાચરો, કોરીસ્લીપો વિગેરે દસ્તાવેજોમાં સહીઓ લઈ મળવાપાત્ર પગારથી ઓછી રકમ ચુકવી તેઓને શ્રમ કલ્યાણ કાયદાઓ મુજબ મળવાપાત્ર હકકો–લાભોથી વંચીત રાખેલ હતા. સામાવાળી સંસ્થાને વિવિધ શ્રમ કલ્યાણ કાયદાઓ જેવા કે, ધી આઈ.ડી.એકટ, સ્ટેન્ડીંગ ઓર્ડસ, ફેકટરી એકટ, મિનીમમ વેજીસ એકટ, શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ તથા અન્ય શ્રમ કલ્યાણ કાયદાઓની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડતી હતી. અરજદારને અગાઉથી કોઈ લેખિત નોટીસ, નોટીસ પગાર, કે હકકો–અધિકારોની રકમ આપ્યા વગર કે તેઓની વિરૂઘ્ધ કોઈ ઈન્કવાયરી–ખાતાકીય તપાસ કર્યા વગર સામાવાળાએ તા.૨૬/૦૫/૨૦૦૪ ના રોજથી માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ હતા. તેઓએ રજી.પો.એ.ડી. ઘ્વારા તા.૦૫/૦૬/૨૦૦૪ ના રોજની

ડીમાન્ડ નોટીસ તેઓની સહીથી યુનિયન મારફતે સામાવાળાને મોકલેલ અને તેઓને પડેલા દિવસોની પગાર સહ : નોકરીમાં પુન:સ્થાપિત કરવા જણાવેલ તે નોટીસ સામાવાળાને મળી ગયેલ છતાં તેઓને પુન:સ્થાપિત કરેલ નથી. અરજદાર ને નોકરીમાંથી છુટા કર્યા બાદ અવાર–નવાર સામાવાળા સંસ્થામાં નોકરીમાં રહેવા ગયેલા પણ ફરીથી કયારેય તેઓને કામે રાખેલ ન હતા તથા અરજદારે બીજી ઘણી જગ્યાએ નોકરી માટે શોધ અને પુષ્કળ પ્રયત્નો કરેલ પણ ત્યારબાદ આજદીન સુધી અરજદાર ને કયાંય કોઈ નોકરી મળેલ નહી. સામાવાળી સંસ્થા તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા તૈયાર થાય તો પડેલા દિવસોની પગારનો વિવાદ ઉપસ્થિત રાખીને તથા તેઓના નોકરીના હકકો,લાભોને કોઈ નુકશાન ન થાય અને તેઓના કેસની હકીકતોને કોઈ બાધ ન નડે તે રીતે હાજર રહેવા માટે તૈયાર અને ખુશી છે તેમ જણાવેલ છે.

(૧૩) જયારે સામાવાળા તરફે તેમનાં આંક–૧૭ નાં લેખિત જવાબમાં એવી તકરાર લીધેલ છે કે, અરજદાર સંસ્થામાં સામાવાળા સંસ્થા હોટલ રેસ્ટોરન્ટના વ્યવસાયમાં રોકાયેલ સંસ્થા હતી. સામાવાળી સંસ્થા અમદાવાદ તથા વડોદરામાં તેમની બ્રાન્ચ ધરાવતા હતા તેમજ તેમની સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને કાયદેસરના હકકો અને લાભો આપવામાં આવેલ હતા. અરજદાર સામાવાળી સંસ્થામાં તા.૦૧/૧૦/૧૯૯૫ ના રોજથી નોકરીમાં દાખલ થયેલ હતા અને તા.૦૧/૦૯/૧૯૯૮ ના રોજથી તેઓ બરોડા ખાતેની બ્રાન્ચમાં ફરજો બજાવતા હતા અને તેમને મળવાપાત્ર પગાર અને હકકો તથા લાભો આપવામાં આવેલ હતા. અરજદારે સામાવાળી સંસ્થામાં તા.૦૫/૦૭/૨૦૦૩ ના રોજ રાજીનામુ આપેલ હતુ અને તેઓ રાજીખુશીથી નોકરીમાંથી છુટા થયેલ હતા. તેઓએ રાજીનામું આપ્યા પછી સામાવાળી સંસ્થામાં નોકરીની ફરજો બજાવેલ ન હોવાથી તેઓને તા.૨૬/૦૫/૨૦૦૪ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનો પ્રશ્ન

ઉપસ્થિત થતો નથી કારણ કે તે વખતે તેઓ નોકરીમાં હતા જ નહી. તેઓએ દાખલ કરેલ મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૦૪ માં તેની ઉલટતપાસમાં પણ સ્વીકારેલ હતી. અરજદારે સંસ્થામાં રાજીનામુ આપી નોકરીમાંથી રાજીખુશીથી છુટા થયા બાદ, સંસ્થા પાસેથી પૈસા પડાવવાના બદઈરાદાથી ખોટી છુટા કર્યા તારીખ લખી આ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે વધુમાં અરજદાર છેલ્લે વડોદરા ખાતે ફરજો બજાવતા હતા. આથી તેઓ કોઈ પણ પ્રકારનો ઓદ્યોગિક વિવાદ વડોદરા ખાતે જ ઉપસ્થિત કરી શકે છે, આથી નામ.અદાલતને આ રેફરન્સનો ન્યાયનિર્ણય કરવાનું જ્યુરીસ્ડીકશન હોવાથી તે કારણસર પણ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

(૧૪) વધુમાં રેકર્ડ ધ્યાને લેતા આ કામે અગાઉ થયેલ એકતરફી એવોર્ડ આઈ.ડી. પરચુરણ અરજી નં.૧૬૮/૨૦૧૧ નાં કામે થયેલ હુકમ મુજબ રદ થયેલ છે અને સામાવાળાએ તે હુકમ મુજબનું પાલન કરતાં સદરહુ રેફરન્સ ફરી ફાઈલે લીધેલ છે. ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે હાજર થઈ લેખિત જવાબ તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ. અરજદારે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં આંક–૧૦ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે સામાવાળાને આપેલ ડીમાન્ડ નોટીસ અને તે મળ્યાનાં પુરાવા બાબતેનાં દસ્તાવેજો છે પરંતુ આ દસ્તાવેજનાં સમર્થનમાં કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી તેથી તે પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં. વધુમાં સામાવાળાએ તેમનાં લેખિત જવાબમાં અરજદારે તા. ૦૫–૦૭–૨૦૦૩ ના રોજ રાજીનામુ આપી નોકરીમાંથી સ્વેચ્છાએ છુટા થયેલા અને ત્યારબાદ સંસ્થામાં અરજદારે ક્યારેય નોકરી કરેલ નથી. આ કામનાં અરજદારે સામાવાળા સામે કરેલ મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ તથા રીકવરી અરજી નં.૧૫૩૪/૨૦૦૪ નાં દસ્તાવેજી પુરાવા સામાવાળાએ આંક–૧૮ નાં લીસ્ટથી રજુ કરેલા છે. જે ધ્યાને લેતા મીનીમમ વેજીસ અરજીનાં કામે અરજદારનું રાજીનામુ રજુ થયેલ છે અને તે મુજબ અરજદારે તા.૦૫–૦૮–૨૦૦૩ નાં રોજથી નોકરી છોડવાનું રાજીનામુ તા.૦૫–૦૭–૨૦૦૩ નાં રોજ આપેલ હોવાનું જણાય છે. વધુમાં નિ.૧૮/૪ થી રજુ થયેલ મીનીમમ વેજીસ અરજીનાં કામની

અરજદારની ઉલટ તપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ કબુલ કરેલ છે કે, તા.૦૫-૦૭-૨૦૦૩ પછી સામા.સંસ્થામાં કામ કરેલ નથી. નિ.૧૮/૫ મુજબ અરજદારે મીનીમમ વેજીસ અરજી નં.૯૪/૨૦૧૪ પરત ખેંચેલ છે તથા નિ.૧૮/૬ મુજબ અરજદારે રીકવરી અરજી નં.૧૫૩૪/૨૦૦૪ પરત ખેંચેલ છે. આમ, અરજદારે તા.૦૫-૦૭-૨૦૦૩ પછી સંસ્થામાં કામ કરેલ નથી. જ્યારે હાલનાં કેસમાં નોકરીમાંથી છુટા કર્યાની તા.૨૬-૦૫-૨૦૦૪ જણાવેલ છે. સામાવાળાનાં જવાબની હકીકતને તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. આમ, સામાવાળાએ જવાબ રજુ કર્યા બાદ અરજદારને પુરાવો રજુ કરવા માટે અનેક મુદ્દતો આપવા છતાં તેમજ અરજદારનાં યુનિયન પ્રતિનિધિ નામદાર કોર્ટમાં હાજર રહેતા હોવા છતાં અરજદારને હાજર રાખી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. અરજદારે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી અરજદારને પુરતી તક આપવા છતાં નામ.કોર્ટમાં હાજર થઈ પુરાવો રજુ ન કરતા પુરાવાનો હકકબંધ કરેલ છે. જયારે સામાવાળાએ તેમના આંક- ૧૭ ના લેખિત જવાબના સમર્થનમાં આંક- ૧૮ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અરજદારે તા.૦૫-૦૭-૨૦૦૩ નાં રોજ સંસ્થામાંથી રાજીનામુ આપેલ છે અને ત્યારબાદ સંસ્થામાં કામ કરેલ નથી. સામાવાળાએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનો અરજદારે કોઈ ખંડન કરેલ નથી. આમ, હાલનાં કેસમાં અરજદાર તેમના માંગણા નિવેદનમાં માંગ્યા મુજબની દાદ સામાવાળા પાસેથી મેળવવા હક્કદાર છે તે પુરવાર કરવાની જવાબદારી તેઓની હોવા છતાં અને અરજદારને પુરાવો રજુ કરવા માટે પુરતી અને વ્યાજબી તક આપવા છતાં અરજદારે માંગણા નિવેદનનાં સમર્થનમાં આ કામે હાજર રહી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.એ રીતે અરજદાર માંગણા નિવેદનની હકીકત સાબીત કરવામાં તથા સામાવાળાએ અરજદારને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું પુરવાર કરવા નિષ્ફળ ગયેલા છે અને સામાવાળાએ રજુ કરેલા પુરાવા ઉપરથી અરજદારે સંસ્થામાંથી

સ્વેચ્છાએ રાજીનામુ આપી નોકરીમાંથી છુટા થયેલા છે તે સંજોગોમાં અરજદાર માંગણા નિવેદનમાં માંગ્યા મુજબની સામાવાળા સામે કોઈપણ દાદ મેળવવા હક્કદાર બનતા ન હોય મુદ્દા નંબર–૧ નો નિર્ણય **"નકારમાં"** ઠરાવી મુદ્દા નંબર–૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદારનો હાલનો **રેફરન્સ(એલ.સી.એ)નંબર–૩૫/૨૦૦૫** આથી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ: ૨૮–૦૨–૨૦૨૩**
**સ્થળ: અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE** : **GJ**01031
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

F.M.Kadri, P.S.